| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૬–૦૭–૧૯૯૭ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૩૧–૧૨–૧૯૯૮ |
| ફેસલ તારીખ | ૦૭–૧૨–૨૦૨૪ |
| સમય ગાળો | વર્ષ : માસ : દિવસ.<br>૨૫ ૧૧ ૧૮ |

**પોરબંદરના મે.ચોથા અધિક સિનિયર સિવિલ જજ અને અધિક ચીફ જયુડી.મેજી. સાહેબની કોર્ટમાં,પોરબંદર.**

ક્રિમીનલ કેસ નં.૧૩૧૨૯/૯૮.
આંક–૨૬૬.

ફરીયાદી — નારણભાઈ જાદવભાઈ પોસ્તરીયા
ઉ.વ.૪૪, ધંધો : મચ્છીનો,
રહે.પોરબંદર.

વિરુધ્ધ

આરોપી — (૧) સંજીવ રાજેન્દ્રભાઈ ભટ્ટ
ઉ.વ.૬૧, ધંધો : નિવૃત,
રહે.સેન્ટ્રલ જેલ, રાજકોટ.
(૨) વજુભાઈ ચાંઉ (એબેટ)

| | |
|---|---|
| ગુન્હો | ઈ.પી.કો.કલમ–૩૨૬,૩૩૦,૩૪ મુજબ. |

| | | |
|---|---|---|
| ફરીયાદપક્ષ તરફે | એ.પી.પી.શ્રી. | જે.જે.હાથલીયા. |
| બચાવપક્ષ તરફે | વિ.વકીલશ્રી. | એસ.ડી.જોખીયા. |

**–// ચુકાદો //–**

(૧).. આ કામે ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરીયાદીને તા.૦૫–૦૭–૯૭ ના રોજ ફરીયાદીને સાબરમતી જેલ માંથી દિવસે ૧૧ વાગ્યે પોરબંદર પોલીસના માણસો જીપમાં બેસાડી લાવેલ અને રાત્રે નવ વાગ્યે આરોપી સંજીવ ભટ્ટ, ડી.એસ.પી.ના રહેઠાણે લઈ ગયેલા, તેમજ ત્યાંથી આરોપી નં.૧ નાઓ ડી.એસ.પી. સાહેબની ઓફીસે ફરીયાદી નારણ જાદવભાઈ પોસ્તરીયાને લઈ ગયેલા ત્યાં આ કામના આરોપી નં.ર વજુભાઈ ચાંઉ અને એક પોલીસવાળા હતા. ત્યાં ફરીયાદી નારણ જાદવભાઈને એલ.સી.બી. ઓફીસમાં બેસાડી રાખેલ. ત્યારબાદ આરોપી નં.૧ ના આવેલ અને આરોપી નં.ર વજુભાઈ ચાંઉને શોક આપવા ઓર્ડર આપેલ. ત્યાં ફરીયાદીને જીભમાં ઉપર ઈલેકટ્રીક શોક આપેલ. તેમજ ફરીયાદી પાસેથી હથિયાર માંગેલા તે વખતે આરોપી નં.ર ના અને બીજા પોલીસવાળા હતા. ફરીયાદી પાસે હથિયાર ન હોવાના કારણ ફરીયાદીનું પેન્ટ ઉતારી તેને દોઢ કલાક સુધી જીભ, છાતી, મોઢામાં તથા ગુપ્ત ભાગની ઈન્દ્રીય ઉપર ઈલેકટ્રીક શોક આપેલ. ત્યારબાદ ફરીયાદીના છોકરા ચેતન નારણ પોસ્તરીયા તથા ફરીયાદીના ભાઈ ધનજીભાઈ જાદવકભાઈ પોસ્તરીયાને લઈ આવેલા અને ફરીયાદીના છોકરાને ગુપ્ત ભાગે ઈલેકટ્રીક શોક આપેલ અને કહેલ કે, તારા બાપને કહે કે હથિયાર આપે. ત્યારબાદ ફરીયાદી તથા સાહેદ ધનજીભાઈને બીજી ઓફીસમાં લઈ ગયેલા અને ત્યાં ફરીયાદીના છોકરા ચેતનને શોક આપવાનું ત્રણ વાગ્યા સુધી ચાલુ રાખી અને શોક આપવા બાબતે કાર્યવહી કરશો તો ફરીયાદીના છોકરા ચેતનને મારી નાખવાની અને કેસ કરવાની ધમકી આપેલ. જે અંગેની ફરીયાદીએ ફરીયાદ તા.૦૬–૦૭–૧૯૯૭ ના રોજ જયુડી.મેજી.,પોરબંદરનાઓ સમક્ષ તેઓને પોરબંદર સીટી બી. ડીવીઝન (કમલાબાગ) પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ફસ્ટ ૪૩/૯૪ ઈ.પી.કો. કલમ–૧ર૧ વિગેરે મુજબના ગુનાના કામે તપાસ કરનાર અમલદારશ્રી દવારા અદાલતમાં રજુ કરતા કરેલ. જે ફરીયાદીને ઈન્કવાયરી રજીસ્ટર નોધવાનો હુકમ કરવામાં આવેલ.

(૨).. ત્યારબાદ સદર ફરીયાદી પ્રિ.ઈન્કવાયરી નં.૬૭/૯૭ થી પુરાવો નોંધી સદર ગુનાના કામે આંક–૧ લગત તા.૩૧–૧૨–૧૯૯૮ ના રોજ હુકમ કરી ફરીયાદીની આંક–૧ ની ફરીયાદ રજીસ્ટરે નોંધવા અને આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ–૩૩૦,૩૨૪ ને કલમ–૩૪ સાથે વાંચતા બનતા શિક્ષાને પાત્ર ગુન્હા સબબ સમન્સ કરવાનો હુકમ કરવામાં આવેલ. સદર હુકમના આધારે ફરીયાદીની ફરીયાદ ફો.કેસ નં. ૧૩૧૨૯/૯૮ થી રજીસ્ટર કરવામાં આવેલ અને સદર ગુનાના કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધી બચાવપક્ષેને ઉલટ તપાસની તક આપી અને સમગ્ર પુરાવાના આધારે તા. ૧૫–૦૪–૨૦૧૩ ના રોજ આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો. કલમ–૩૨૬,૩૩૦ અને કલમ–૩૪ સાથે વાંચતા બનતા શિક્ષાને પાત્ર ગુનાનું તહોમત ફરમાવવાનો હુકમ કરવામાં આવેલ છે. એ દરમ્યાન આરોપી નં.૨ ને વોરંટ ઈશ્યુ કરતા આંક–૨૪૪ ના આરોપીના વોરંટ સાથે આંક–૨૪૫ થી આરોપી નં.૨ વજુભાઈ ચાંઉનુ મરણ પ્રમાણપત્ર શેરા સાથે રજુ કરતા આંક–૧ લગત હુકમ કરી આરોપી વજુભાઈ ચાંઉને તા.૧૦–૦૯–૨૦૨૪ ના રોજ એબેટ કરવામાંઆવેલ છે. એ રીતે સદર હુકમના આધારે અદાલત દવારા આંક–૨૪૮ થી આરોપી સામેના ગુના સબબ તહોમતનામું ફરમાવી આંક–૨૪૯ થી આરોપીની પ્લી નોધતા ગુનાનો ઈન્કાર કરી અમારે કેસ આગળ ચલાવવો છે તેવું જણાવતા ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે.

(૩).. ફરીયાદપક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**(અ) મૌખિક પુરાવો.**

| | | | |
|---|---|---|---|
| (૧) | ફરીયાદી | નારણભાઈ જાદવભાઈ પોસ્તરીયા | આંક–૧૦૪ |
| (૨) | સાહેદ | ચેતનભાઈ નારણભભાઈ પોસ્તરીયા | આંક–૧૧૩ |
| (૩) | સાહેદ | ધનજીભાઈ જાદવભાઈ પોસ્તરીયા | આંક–૧૨૮ |

| | | | |
|---|---|---|---|
| (૪) | સાહેદ | નગાભાઈ આલાભાઈ | આંક–૧૩૯ |
| (૫) | ડો.સાહેદ | ડો.દિલીપભાઈ અમૃતલાલ વ્યાસ | આંક–૧૫૨ |

**(બ) દસ્તાવેજી પુરાવો.**

| | | |
|---|---|---|
| (૧) | ફરીયાદ | આંક–૦૧ |
| (૨) | ફરીયાદીની સારવાર કરાવવા આપેલ અરજી | આંક–૦૩ |
| (૩) | ઈન્જરી સર્ટી | આંક–૦૫ |
| (૪) | ઓ.પી.કેસ નં.૪૦૮૫૫ (ફરીયાદી) | આંક–૧૫૩ |
| (૫) | ઈન્ડોર કેસ પેપર્સ | આંક–૧૫૪ |
| (૬) | એકસ–રે માથાના–૨ | આંક–૧૫૫ |
| (૭) | એકસ–રે કમરના–૨ | આંક–૧૫૬ |
| (૮) | સારવાર અંગેની યાદી | આંક–૧૫૭ |
| (૯) | સારવાર અંગેની યાદી | આંક–૧૫૮ |

(૪).. તેમજ ફરીયાદીની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં બચાવપક્ષે કમલાબાગ પો.સ્ટે.ગુના રજી.નં.ફસ્ટ ૪૩/૯૪ ના કામે ફરીયાદી સામે થયેલ ચાર્જસીટની નકલ આંક–૧૦૫, તેમજ ફરીયાદી સામે ટાડા ફોજદારી કેસ નં.૨/૯૫ ના કામે અદાલત દવારા ફરમાવવામાં આવેલ તહોમતનામાની નકલ આંક–૧૧૧ રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૨૫૦ થી આ કામે જે પુરાવો રજુ કરેલ છે તે સિવાય અન્ય કોઈ વધુ પુરાવો રજુ કરવા માંગતા નહી હોવાનું પુરસીસથી જાહેર કરી કલોઝીંગ પુરસીસ રજુ કરતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. તેમજ બચાવપક્ષે આંક–૨૫૩ થી ફરીયાદપક્ષે રજુ રાખેલ પુરાવા સંબધે કરવામાં આવેલ ફરીયાદી તથા સાહેદની ઉલટ તપાસ અગાઉ થયેલ છે તેની વિશેષ ઉલટ તપાસ કરવા માંગતા નહી હોવાનું પુરસીસથી જાહેર કરતા બચાવપક્ષે વધુ કોઈ ફરીયાદપક્ષના સાહેદોની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી અને

આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોધતા આરોપી સામે ખોટો કેસ કરેલાનું જણાવેલ છે. તેમજ બચાવપક્ષે આંક–૨૫૮ થી ફરીયાદીને કમલાબાગ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.ફસ્ટ ૪૩/૯૪ ના કામે આ કામના ફરીયાદીને આરોપી તરીકે ગુનાના કામે અદાલત સમક્ષ રજુ કરતો પ્રોડકશન રીપોર્ટની ખરી નકલ રજુ કરેલ છે. તેમજ વિશેષ નિવેદનમાં જણાવે છે કે, ફરીયાદી તથા બીજા બંને સાહેદોને તેમની અટકાયત પછીના પ્રોડકશન વખતે તથા પોલીસ રીમાન્ડ પુરા થયા બાદના પ્રોડકશન વખતે જે તે કોર્ટ સમક્ષ પોલીસ વિરુધ્ધ કોઈ રજુઆત કરેલ નથી. ફરીયાદી દવારા તા.૦૬–૦૭–૯૭ ના રોજની રીમાન્ડ એપ્લીકેશનની સુનાવણી વખતે પાછળથી તેમના વકીલશ્રીના અક્ષરમાં લખેલ ઉપજાવી કાઢેલ આક્ષેપોવાળી અરજી કરીને તેમને સારવાર માટે મોકલવા નામદાર કોર્ટને અરજ કરેલ. તેનો આશય રીમાન્ડ અરજી નામંજુર કરવવાનો હતો. નામદાર કોર્ટ દવારા ચેમ્બરમાં ફરીયાદીની શારીરિક તપાસણી કરવામાં આવેલ ત્યારે તેમના શરીર ઉપર કોઈ પણ પ્રકારની ઈજા જણાય આવેલ નહી. જેની નોધ રેકર્ડ પર છે. ફરીયાદીના કથન મુજબ સદર ગુનાહીત કૃત્ય તા.૦૫–૦૭–૯૭ તથા તા.૦૬–૦૭–૯૭ મધરાત્રી દરમ્યાન થયેલ છે. બોમ્બે પોલીસ એકટની કલમ–૧૬૧ મુજબ પોલીસ અધિકારી દવારા તેની ફરજ દરમ્યાન કોઈ પણ ગુનાહીત કૃત્ય કરવામાં આવે તો તેના વિરુધ્ધનું પ્રોસીકયુશન કથીત બનાવની તારીખથી છ માસની અંદર INSTITUTION OF PROSECUTION કરવું પડે. સદર કેસમાં બનાવના આશરે દોઢ વર્ષ બાદ તા.૩૧–૧૨–૯૮ ના રોજ INSTITUTION OF PROSECUTION થયેલ છે. જેથી જે કલમ–૧૬૧ ની જોગવાઈ મુજબ ટાઈમ બાડ હોય ડીસમીસ કરવા પાત્ર છે. ફરીયાદી એક કુખ્તાત અને નાઢ મચીન ગુનેગાર ગેગસ્ટર રહી ચુકેલ છે અને કમલાબાગ પોલીસ સ્ટેશન ગુના નં.૪૩/૯૪ ની તપાસ દરમ્યાન તપાસ કરનાર અમલદાર દવારા મોટી સંખ્યામાં હથિયારો અને દારૂ ગોળો તેમના કબજા માંથી મળી આવેલ છે. જે સંજોગોમાં ફરીયાદી અને બંને સાહેદોના કથનો

દલીલ ખાતર વીથ આઉટ પ્રેજયુડાઈઝ એક ક્ષણ માટે માની લેવામાં આવે તો પણ ફરીયાદી દવારા કરવામાં આવેલ આક્ષેપોને અમો આરોપી વિરુધ્ધ પોલીસ અધિકારી તરીકેની ફરજ સાથે સીધી નેકસસ હોય સી.આર.પી.સી.કલમ–૧૯૭ હેઠળ સેંકશન (મંજુરી) મેળવવી આવશ્યક રહે છે. ફરીયાદી ટાડા કલમ–૧૫ મુજબ તેનું કબુલાતનામું અમારી સમક્ષ કરવા ઈચ્છુક હોય તેને તા.૦૬–૦૭–૯૭ ની વહેલી સવારના કલાક ૦૦–૩૦ વાગ્યે અમારા સમક્ષ નિવાસસ્થાને અમારી કેમ્પ ઓફીસ ખાતે રજુ કરેલ. જયારે તેને વધુ વિચારવાનો સમય આપી ફેર વિચારણા કરવા તપાસ કરનાર અધિકારીશ્રી સાથે તરત રવાના કરેલ હતા. ફરીયાદીની આખી ફરીયાદ તેની વકીલની સલાહથી ટાડા કલમ–૧૫ હેઠળના સંભવિત કબુલાતને ટાળવા માટે અથવા તો વિફળ કરવાના હેતુસર કરવામાં આવેલ છે. જે સંજોગોમાં અમોને ટાડા એકટ, ૧૯૮૭ ની કલમ–૨૬ મુજબનું પ્રોટેકશન મળવા પાત્ર છે. અમે આ ગુનામાં તદન નિદોષ છીએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. ફરીયાદીએ પોતે ખુબજ ગંભીર પ્રકારના ગુનાનો આરોપી હોય પોતાના બચાવ માટે વકીલની સલાહથી ખોટી ફરીયાદ ઉભી કરેલ છે જેથી અમોને નિદોષ છોડી મુકવા અરજ છે. તેમજ ફરીયાદપક્ષે વિ.વકીલશ્રી દવારા આંક–૨૬૪ થી લેખીત દલીલ રજુ કરવામાં આવેલ છે. જે વંચાણે લીધી.

(૫).. ફરીયાદીપક્ષ રજુ રાખેલ લેખતી દલીલ વંચાણે લેતા મુખ્યત્વે ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ છે. વધુમાં જણાવે છે કે, ફરીયાદપક્ષ તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદોનો પુરાવો ધ્યાને લેતા ડોકટર સાહેદના પુરાવા અને સારવારના પેપર્સથી ફરીયાદી તથા સાહેદને થયેલ ઈજાને સમર્થન મળે છે. વધુમાં વિ.વકીલશ્રીની દલીલ એવી છે કે, બચાવપક્ષે ફરીયાદી કે સાહેદની ઉલટ તપાસમાં ફરીયાદ હકીકતથી વિરુધ્ધ કોઈ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી. વધુમાં વિ.વકીલશ્રીની દલીલ એવી છે કે, પોલીસ કસ્ટડીમાં માર મારવા(અત્યાચાર) ગુજારેલ છે. વધુમાં વિ.વકીલશ્રીની દલીલ એવી છે કે, સાહેદને તા.૦૪–૦૭–૧૯૯૭ ના રોજ પોલીસ રાત્રીના સમયે ઘરેથી લઈ ગયેલા

તે બાબતે સાહેદના ભાભી જયાબેને ફો.પ.અરજી નં.૪૪૯/૯૭ થી કલમ–૯૭ મુજબ અરજી કરેલ. જે અંગે કોર્ટે નોટીસ કરેલ. વધુમાં વિ.વકીલશ્રીની દલીલ એવી છે કે, બચાવપક્ષે દલીલના સમર્થનમાં રજુ રાખેલ નામદાર વડી અદાલતના ચુકાદા ઘ્યાને લેતા સદર કેસની હકીકત અને હાલના કેસની હકીકત અલગ હોય જેથી લાગુ કરી શકાય નહી. વધુમાં વિ.વકીલશ્રીની દલીલ એવી છે કે, રેકર્ડ પરનો સમગ્ર પુરાવો ઘ્યાને લેતા ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરેલ હોય આરોપીને સખ્ત સજા કરવા અરજ કરેલ છે.

(૬).. તેમજ બચાવપક્ષે વિ.વકીલશ્રીની દલીલ એવી છે કે, આ કામે આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષ શંકાથી પર પુરવાર કરી શકેલ નથી. તેમજ ફરીયાદી તથા સાહેદનો પુરાવો ઘ્યાને લેતા એકબીજાથી વિસંગત અને વિરોઘાભાસ હકકીતવાળો જણાય છે જે વ્યાજબી શંકા ઉભી કરે છે. વધુમાં વિ.વકીલશ્રીની દલીલ એવી છે કે, ડો.સાહેદનો પુરાવો ઘ્યાને લેતા એ ફરીયાદીને કોઈ ઈજાના નિશાન જણાય આવેલ નથી. એ રીતે ડો.સાહેદનો પુરાવો ઘ્યાને લેતા ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. એ રીતે ફરીયાદપક્ષના કેસને મેડીકલ પુરાવાથી સમર્થન મળતુ નથી. વધુમાં વિ.વકીલશ્રીની દલીલ એવી છે કે, આ કામે મહત્વના એવા સાહેદ પી.એસ.આઈ. પરમાર કે જેઓ ફરીયાદીની કસ્ટડી સાબરમતી જેલથી લાવેલ અને જે તે ગુનાના તપાસ કરનાર અમલદાર હતા અને તેઓની કસ્ટડીમાં ફરીયાદી હતા તેઓને ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ નથી. વધુમાં વિ.વકીલશ્રીની દલીલ એવી છે કે, આ કામે આરોપી સામે ગુનાનુ કોગ્નીઝન્સ લેતા પહેલા કાયદા મજુબ સરકારશ્રીની મંજુરી લેવાની થાય છે મંજુરી વગર હાલના આરોપી સામે ગુનાનું કોગ્નીઝન્સ લઈ શકાય નહી. વધુમાં વિ.વકીલશ્રીએ દલીલના સમર્થનમાં નામદાર વડી અદાલતના ચુકાદા રજુ કરેલ છે. જે ઘ્યાને લેવા અરજ કરેલ છે. એ રીતે ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ પુરવાર કરી શકેલ ન હોય આરોપીને નિદોષ છોડી મુકવા અરજ કરેલ છે.

(૭).. હાલના કેસના ન્યાયીક નિર્ણય તથા નિકાલ અર્થે અત્રેની અદાલત ધ્વારા નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત કરેલા છે :–

**–// મુદ્દા //–**

(૧) શું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, તા.૦૫–૦૭–૯૭ ના રોજ ફરીયાદીને સાબરમતી જેલ માંથી દિવસે ૧૧ વાગ્યે પોરબંદર પોલીસના માણસો જીપમાં બેસાડી લાવેલ અને રાત્રે નવ વાગ્યે આરોપી સંજીવ ભટ્ટ, ડી.એસ.પી.ના રહેઠાણે લઈ ગયેલા, તેમજ ત્યાંથી આરોપી નં.૧ નાઓ ડી.એસ.પી. સાહેબની ઓફીસે ફરીયાદી નારણ જાદવભાઈ પોસ્તરીયાને લઈ ગયેલા ત્યાં આ કામના આરોપી નં.૨ વજુભાઈ ચાંઉ અને એક પોલીસવાળા હતા. ત્યાં ફરીયાદી નારણ જાદવભાઈને એલ.સી.બી. ઓફીસમાં બેસાડી રાખેલ. ત્યારબાદ આરોપીઓએ સામાન્ય ઈરાદો પાર પાડવા સારુ ફરીયાદી તથા સાહેદોને બળજબરીથી કબુલાત કરાવવા અને હથિયાર રજુ કરવા ભયાનક શસ્ત્રો કે સાધનો વડે સ્વેચ્છાપૂર્વક વ્યથા/મહાવ્યથા નિપજાવી ફરીયાદીના છોકરા ચેતનને મારી નાખવાની અને કેસ કરવાની ધમકી આપી ઈ.પી.કો. કલમ–૩૨૬,૩૩૦ સાથે વાંચતા કલમ–૩૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮).. ઉપરોકત મુદ્દા અંગે અત્રે ની અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

(૯).. ઉપરોકત મુદ્દાઓ પરત્વેના અત્રેની અદાલતના નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

**-// કારણો //-**

(૯.૧).. ન્યાયતંત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ '' પુરાવાનું મુલ્યાંકન '' શબ્દને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યા બધ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનુન સમર્થિત કોઈ નિયમ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવુ તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ-૩ માં કરવામાં આવેલ સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારીત છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દીવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિત દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી ર્કાવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી, ફરીયાદપક્ષે માત્ર સંભવિતતા જ દર્શાવવાની હોતી નથી પરંતુ આરોપી પરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદોનો લાભ લેવા માગતા હોય તો પણ તેમણે પુરાવાના કાયદાની કલમ-૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે, આરોપીએ અપવાદ માહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી. સાબિત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

(૯.૨).. આ કામે આરોપી સામેના ગુનાઓ આક્ષેપ ધ્યાને લેતા આરોપી સામે ઈ.પી.કો. કલમ-૩૨૬,૩૩૦ સાથે વાંચતા કલમ-૩૪ મુજબના ગુનાનો આક્ષેપ છે. ત્યારે સદર ગુનાની જોગવાઈ વંચાણે લેતા નીચે મુજબ છે.

**326. Voluntarily causing grievous hurt by dangerous weapons or means**.—Whoever, except in the case provided for by section 335, voluntarily causes grievous hurt by means of any instrument for shooting, stabbing or cutting, or any instrument which, used as a weapon of offence, is likely to cause death, or by means of fire or any heated substance, or by means of any poison or any corrosive substance, or by means of any explosive substance, or by means of any substance which it is deleterious to the human body to inhale, to swallow, or to receive into the blood, or by means of any animal, shall be punished with imprisonment for life, or with imprisonment of either description for a term which may extend to ten years, and shall also be liable to fine.

**330. Voluntarily causing hurt to extort confession, or to compel restoration of property**.—Whoever voluntarily causes hurt, for the purpose of extorting from the sufferer or from any person interested in the sufferer, any confession or any information which may lead to the detection of an offence or misconduct, or for the purpose of constraining the sufferer or any person interested in the sufferer to restore or to cause the restoration of any property or valuable security or to satisfy any claim or demand, or to give information which may lead to the restoration of any property or valuable security, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, and shall also be liable to fine.

**34. Acts done by several persons in furtherance of common intention**.—When a criminal act is done by several persons in furtherance of the common intention of all, each of such persons is liable for that act in the same manner as if it were done by him alone.

(૯.૩).. ઉપરોકત કાયદાકીય જોગવાઈ, સ્થાપિત સિધ્ધાંતોને નજર સમક્ષ રાખી આ કામમાં પડેલા પુરાવાની ઉભયપક્ષે કરવામાં દલીલોનાં સંદર્ભમાં વિચારણા ધ્યાને કરવામાં આવે તો, આ કામે ફરીયાદપક્ષે મહત્વના એવા ડો.સાહેદ ડો.દિલીપભાઈ અમૃલાલ

વ્યાસને આંક–૧૫૨ થી તપાસવામાં આવેલ છે. તેઓનો પુરાવો ધ્યાને લેતા તબીબી અધિકારી તરીકે જનરલ હોસ્પિટલ, પોરબંદર ખાતે ચાર્જમાં હોય અને મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સિવિલ સર્જન દવારા કાર્યાલય આદેશથી જણાવ્યા મુજબ ડો.કયુ.એ.હાદાણી ભુતપૂર્વ તબીબી અધિકારી જેઓનું અવશાન થયેલ હોય તેમના વતી તેના સમકાલીન તબીબી અધિકારી તરીકે તેઓના રેકર્ડ સાથે જુબાની આપવા આવેલ છે. વધુમાં જણાવે છે કે, તા.૦૭–૦૭–૧૯૯૭ ના રોજ હું ભાવસિંહજી જનરલ હોસ્પિટલમાં ફરજ બજાવતો હતો તે વખતે મારી સાથે ડો.કયુ.એ.હામદાણી પણ ફરજ બજાવતા હતા. તેથી મારી સાથે નોકરી કરતા હોય તેથી હું તેની સહી તથા હસ્તાક્ષર ઓળખુ છું. વધુમાં જણાવે છે કે, ઓ.પી.ડી. કેસ નં.૪૦૮૫૫ નારણ જાદવ પોસ્તરીયા ઉ.વ.આ.૪૪ તેમાં લખેલ કેસ પેપર્સ જેમાં દાખલ કરતી સમયે સારવારમાં ડો. કયુ.એ.હામદાણીના હસ્તાક્ષર તથા સહી છે. ત્યારબાદ જે ડોકટરોએ તપાસેલ છે તે દરેક ડોકટરના હસ્તાક્ષર છે. તેઓ આંક–૦૫ થી રજુ થયેલ ઓ.પી.ડી. કેસ નં.૪૦૮૫૫ એમ.એલ.સી. નં .૬૬૯ ઈન્જરી સર્ટી જોઈને કહે છે કે, તેમાં લખાયેલ હસ્તાક્ષર સહી મરણ જનાર ડો. કયુ. એ. હામદાણીના છે. તેઓ તેઓની સાથે ઓ.પી.ડી. ૪૦૮૫૫ ના અસલ કાગળો લઈને આવેલા છે તથા ઈન્ડોર કેસ પેપર્સ ૪૪૯૧ અસલ સાથે લાવ્યા છે. તેમજ દર્દીના એકસ–રે સાથે લાવેલા છે.ઓ.પી.ડી. કેસ નં.૪૦૮૫૫ જે આંક–૧૫૩ થી રજુ છે. તેમજ ઈન્ડોર કેસ પેપર્સ જેમાં પાના નં.૧ થી ૯ જે આંક–૧૫૪ થી રજુ છે. એકસ–રે માથાના – ૨ જે આંક–૧૫૫ તેમજ કમરના એકસ–રે– ૨ જે આંક–૧૫૬ થી રજુ છે. તેઓ ઓ.પી.ડી. કેસ અને ઈન્જરી કેસ પેપર્સ જોયને કહી શકે કે શું હીસ્ટરી દર્દીને આપી હતી. એમ.એલ.સી. નં .૬૬૯ તા.૦૭/૦૭/૧૯૯૭ મુજબ ડો.શ્રીએ હીસ્ટરી તરીકે ગુજરાતીમાં લખેલ છે કે, મને ઈલેકટ્રીક શોટ આપેલ છે. છાતી પર તથા જીભ તથા અંગુદા પર આપેલ છે. સર્ટી જોયા બાદ ઈજાનો પ્રકાર તેઓ સ્પષ્ટપણે કહી ન શકે તેને દવાખાનામાં તપાસ અર્થે અધિક્ષક ખાસ

જેલ દવારા માનનીય ચીફ જયુડી. તરીકેના દાવાખાનામાં લાવવામાં આવેલ જેની યાદી સાથે લઈ આવેલા જે યાદીમાં રીસીવ તરીકે ડો. હામદાણીની સહી છે જે આંક–૧૫૭ થી ૧૫૮ થી રજુ છે. જે સર્ટીમાં રેસીડેન્ટ નીવાસી તબીબી અધિકારી ડો. એ.જે.કેશવાલાની સહી તેઓ ઓળખી બતાવેલ છે. આંક–૧૫૩ થી રજુ થયેલ ઓ.પી.ડી. કેસ પેપસ રજુ કરેલ છે. વધુમાં આંક–૧૫૪ થી રજુ થયેલ ઈન્ડોર કેસ પેપર્સ રજુ કરેલ છે. તેમજ આંક–૧૫૪ થી રજુ થયેલ એકસ–રે, આંક–૧૫૫ થી રજુ થયેલ એકસ–રે, આંક–૧૫૬ થી રજુ થયેલ એકસ–રે તથા આંક–૧૫૭ તથા આંક–૧૫૮ થી રજુ થયેલ યાદી રજુ કરેલ છે. વધુમાં જણાવે છે કે, આ કામે રજુ થયેલ સર્ટીમાં રેસીડન્ટ નિવાસી તબીબી અધિકારી ડો.એ.જે.કેશવાલાની સહી હું ઓળખી બતાવું છું.

(૯.૪).. સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ ઘ્યાને લેતા એ હકીકત કબુલ રાખેલ છે કે, આંક–૦૫ થી રજુ ઈન્જરી સર્ટીમાં એવી નોઘ છે કે, (નાઈઘર બર્ન્સ સ્કાર નોર એકસ્ટ ઈન્જરી સીન ઓન જનાઈટર, ઓન ચેસ્ટ, ઓન પામ) તેવું લખેલ છે. વધુમાં એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, સામાન્ય રીતે જે ભાગ ઉપર ઈલેકટ્રીક શોક લગાવવામાં આવેથી શરીરનો તે ભાગ કાળો પડી જાય. તેમજ એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, આંક–૫ ના ઈન્જરી સર્ટીમાં જીભ ઉપર દર્શાવેલ ઈજા સામાન્ય અને અવગણી શકાય છે. વધુમાં એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, ઈન્જરી સર્ટીમાં ઈજાનો કલર દર્શાવવામાં આવેલ નથી. તેમજ ઈજા કેટલી જુની છે તે દર્શાવવા માટે ઈજાનો રંગ જરૂરી છે. વધુમાં એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, સામાન્ય રીતે ખોરાક ચાવતા ચાવતા જીભ કચડાય જાય તો આવા પ્રકારની ઈજા થઈ શકે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, કેસ પેપર્સ જોઈને હું કહી શકુ કે ઈન્જરી સર્ટીમાં હીસ્ટ્રીમાં નામ લખેલ નથી. એ રીતે ડો.સાહેદનો પુરાવો ઘ્યાને લેતા ફરીયાદી(દર્દી)ને થયેલ ઈજા અંગેની હકીકતને સમર્થન આપી સારવાર અંગેના કેસ પેપર્સ અને એકસ–રે રજુ કરેલ છે. સદર સાહેદનો પુરાવો ઘ્યાને લેતા એ હકીકત જણાવેલ

છે કે, સર્ટી જોયા બાદ ઈજાનો પ્રકાર હું સ્પષ્ટપણે હુ કહી ન શકુ. વધુમાં સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ ઘ્યાને લેતા એ હકીકત કબુલ રાખેલ છે કે, આંક-૦૫ થી રજુ ઈન્જરી સર્ટીમાં એવી નોધ છે કે, (નાઈધર બર્ન્સ સ્કાર નોર એકસ્ટ ઈન્જરી સીન ઓન જનાઈટર, ઓન ચેસ્ટ, ઓન પામ) તેવું લખેલ છે. વધુમાં એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, સામાન્ય રીતે જે ભાગ ઉપર ઈલેકટ્રીક શોક લગાવવામાં આવેથી શરીરનો તે ભાગ કાળો પડી જાય. તેમજ એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, આંક-પ ના ઈન્જરી સર્ટીમાં જીભ ઉપર દર્શાવેલ ઈજા સામાન્ય અને અવગણી શકાય છે. વધુમાં એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, ઈન્જરી સર્ટીમાં ઈજાનો કલર દર્શાવવામાં આવેલ નથી. તેમજ ઈજા કેટલી જુની છે તે દર્શાવવા માટે ઈજાનો રંગ જરૂરી છે. આમ, ડો.સાહેદના પુરાવા પરથી દર્દીને થયેલ ઈજાનો પ્રકાર ચોકકસ થતો નથી. તેમજ સારવારના સર્ટીમાં ઈજાનો કલર દર્શાવેલવામાં આવેલ નથી અને ઈજા કેટલી જુની છે તે દર્શાવવા માટે ઈજાનો રંગ જરૂરી હોવાનું જણાવેલ છે. વધુમાં ડો.સાહેદનો પુરાવો ઘ્યાને લેતા એ હકીકત જણાવે છે કે, સામાન્ય રીતે ખોરાક ચાવતા ચાવતા જીભ કચડાય જાય તો આવા પ્રકારની ઈજા થઈ શકે. આમ, ડોકટર સાહેદના પુરાવા પરથી દર્દીને થયેલ ઈજા મહાવ્યથા હોય તેવું રેકર્ડ પરના પુરાવા પરથી જણાતુ નથી.

(૯.પ).. તેમજ ફરીયાદપક્ષે ફરીયાદી નારણભાઈ જાદવભાઈ પોસ્તરીયાને આંક-૧૦૪ થી તપાસવામાં આવેલ છે. તેઓનો પુરાવો ઘ્યાને લેતા બનાવ આશરે ૧૦ વર્ષ પહેલા બનેલો. બનાવ બન્યો તે વખતે તેઓ સાબરમતી જેલમાં હતા. દીવસે ૧૧ વાગે એક મહેતા સાહેબ અને બીજાનુ નામ તેઓને આવડતુ નથી તે બન્ને સાહેદો તેઓને પોરબંદર પોલીસની જીપમાં પોરબંદર લાવેલા. નવ વાગયાની આસપાસ પોરબંદર ડી.એસ.પી.સાહેબને ઘરે પહોંચેલા. ત્યારથી તેઓને ડી.એસ.પી. સાહેબની ઓફીસે લઈ ગયેલા. ડી.એસ.પી. સાહેબની ઓફીસે તેઓને લઈ ગયા ત્યા એક ચાંઉ સાહેબના એક

પોલીસવાળા હતા ત્યાં તેઓને એલ.સી.બી. ઓફીસમાં બેસાડી રાખેલ અને ત્યાં ભટ્ટ સાહેબ આવેલા. અને ભટ્ટ સાહેબે ચાંઉને ઓર્ડર આપ્યો કે આને શોટ આપો અને બીજા પોલીસ વાળા હતા. તેના નામની તેઓને ખબર નથી અને તેઓએ તેઓને પકડી રાખેલા અને તેઓને શોટ આપેલા અને તેઓની પાસે હથીયાર માંગેલા. તેઓની પાસે હથીયાર ન હતા તેથી તેઓએ આપેલા નહી. તેથી બીજા સાહેબનું નામ નથી આવડતુ તે સાહેબને કહેલુ કે તેના છોકરા તથા ભાઈને લઈ આવેલ ત્યાર પછી તેઓના છોકરાને તેઓની સામે શોટ આપેલા. તેમજ એલ.સી.બી. ઓફીસમાંથી તેઓને ઓફીસના ઉપલા માળે લઈ ગયેલા ત્યાં બે માળ છે ત્યાં તેઓના દિકરાને શોટ આપેલા તેઓને બધાને વારાફરતી શોટ આપેલા અને તેઓના દીકરાને કહેલ કે તારા બાપને કહે કે હથીયાર આપે અને કન્ટીન્યુસ રાત્રીના ૩ વાગ્યા સુધી તેઓને ત્રણેયને વારાફરતી શોટ આપતા ગયેલા અને ડી.એસ.પી. સાહેબે તેઓને કહેલ કે તમે કોર્ટમાં વકીલ રાખતા નહી અને પછી તેઓને કોર્ટમાં લઈ ગયેલા અને સાહેબની ચેમ્બરમાં લઈ ગયેલા ત્યારે તેઓએ વકીલ રાખેલ નહી અને બહાર લઈ ગયા ત્યારે તેઓને કહેલ કે તમારે વકીલ રાખવો હોય તો રાખ અને પછી તેઓને રીમાન્ડ આપ્યા. રીમાન્ડ આપ્યા અને પછી બી ડીવીઝનમાં લઈ ગયેલા. બસ એ સીવાય બીજુ કાઈ કહેવુ નથી. બનાવ અંગેની ફરીયાદ તેઓએ કોર્ટમાં ઘાંઘલ સાહેબને આપેલી. તેઓને ફરીયાદ બતાવવામાં આવતા તેમાં તેઓની સહી છે જે ઓળખી બતાવેલ છે જે આંક-૧ થી રજુ છે. તેઓની ફરીયાદમાં લખેલી વિગતો તેઓના લખાવ્યા મુજબની સાચી છે. ઈલે. શોક તેઓને જે આપેલા તે ઈન્દ્રીયમાં, છાતીમાં, મોઢામાં અને બધે જ આપેલા. જયારે તેઓને પોલીસ માંથી કોર્ટમાં રજુ કર્યા ત્યારે તેઓની સ્થિતિ ખરાબ હતી. તેઓની સ્થિતિ ખરાબ હતી તે અંગેની રજુઆત તેઓએ કોર્ટમાં કરી ન હતી. તેઓએ તે અંગેની ફરીયાદ લેખીતમાં કરેલી. તેઓને આંક-૩ ની તેઓની લેખીતમાં જણાવેલ

ફરીયાદ બતાવવામાં આવતા તે તેઓએ કોર્ટમાં આપેલી તે જ છે. વધુમાં આરોપીને કોર્ટ રૂબરુ ઓળખી બતાવેલ છે.

(૯.૬).. સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેતા એ હકીકત રેકર્ડ પર આવેલ છે કે, મહેતા સાહેબ, બીજા એક અધિકારી અને બીજા પોલીસવાળા મને સાહેબના ઘરે લઈ આવેલા. તે કયા કેસમાં રજુ કરેલા તેની મને ખબર નથી. પરંતુ કોર્ટમાં રજુ કરેલા. તેમજ નારણ ઉર્ફે સુધા જાદવ પોસ્તરીયા એ હું બંને તે જ છું. તેમજ મને રજુ કરી દીધા પણ જેલમાં હોવાથી દર ૧૪ દિવસે મને કોર્ટમાં રજુ કરવામાં આવતા હતા. મારી સામે ટાડાનો કેસ થયેલો છે. જે અંગે ફરીયાદીની ઉલટ તપાસમાં બચાવપક્ષે બી.ડીવીઝન પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ફસ્ટ ૪૩/૯૪ ના કામે થયેલ ફરીયાદી સામેના ચાર્જસીટની નકલ આંક-૧૦૫ થી રજુ કરેલ છે. જે હકીકત ફરીયાદીએ કબુલ રાખેલ છે. વધુમાં એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, ચાર્જસીટમાં હુ, મારા ભાઈ ધનજીભાઈ, મારો દિકરો ચેતન, અમને ચારેયને આરોપી તરીકે દર્શાવેલ છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તે કેસમાં મારી ઉપર પોલીસનો આક્ષેપ છે કે વિદેશી બનાવટના જુદા જુદા હથિયારો અમારા કબજા માંથી પોલીસે કબજે કરેલા. વધુમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આ હથિયારો અમારા કબજા માંથી અમારા ઘરેથી કબજે કરેલા. વધુમાં સદર સાહેદની ઉલટ તપાસ ધ્યાને લેતો એ હકીકત રેકર્ડ પર આવેલ છે કે, ફરીયાદી સામે પોરબંદરની હદમાં ૧૯૭૨ થી વીસેક જેટલા ગુના નોધાયેલા છે.

(૯.૭).. વધુમાં સદર સાહેદની ઉલટ તપાસ ધ્યાને લેતા એ હકીકત રેકર્ડ પર આવેલ છે કે, મને તે દિવસે કોર્ટમાં કેટલા વાગે રજુ કરેલા તેનો સમય ખબર નથી. મને સવારે, બપોરે કે સાંજે રજુ કરેલા તેની મને ખબર નથી. મને આર.ડી.એકસના ખોટા કેસમાં કોર્ટમાં રજુ કરેલ. વધુમાં જણવે છે કે, એ હકીકત રેકર્ડ પર આવેલ છે કે, તે કેસમાં અમોને પોરબંદર સેશન્સ કોર્ટે છોડી મુકેલા. વધુમાં એ હકીકત રેકર્ડ પર આવેલ છે કે,

જયારે મને કોર્ટમાં લાવ્યા તે વખતે મે એડવોકેટ ન હોતા રાખ્યા પરંતુ પછી જોશી એડવોકેટને રાખ્યા હતા. ત્યારબાદ વકીલ રોકીને કોર્ટમાં ફરીયાદ આપેલી. વધુમાં સદર સાહેદ એ હકીકત કબુલ રાખેલ છે કે, ભટૃ સાહેબ પોરબંદર ટ્રાન્સફર થઈને આવ્યાતે પહેલા રાણાવાવ પો.સ્ટે.માં પણ મારી વિરુધ્ધ હથિયાર ધારા, તેમજ ટાડા એકટ હેઠળનો ગુનો નોધાયૌ હતો. તે કેસ મારી ઉપર હજી કોર્ટમાં ચાલુ છે. વધુમાં સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં આંક–૧૧૧ થી ટાડા ફોજદારી કેસ નં.૨/૯૫ ના કામે કરવામાં આવેલ ચાર્જફ્રેમની નકલ રજુ કરેલ છે.

(૯.૮).. **વ**ધુમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, મે મારી કોર્ટ રૂબરુની ફરીયાદમાં એવું લખાવ્યુ નથી કે, **''મને એલ.સી.બી. ઓફીસમાં બેસાડી રાખેલ અને પછી ભટૃ સાહેબ આવેલા'', તેમજ ''પછી ભટૃ સાહેબ ત્યાં આવેલા અને ચાંઉને ઓર્ડર આપેલો કે આને શોટ આપો''** જે બાબતે ફરીયાદીની ફરીયાદ વંચાણે લેતા ફરીયાદમાં અમદાવાદથી લાવ્યા પછી રાત્રીના નવ વાગ્યાના ડી.એસ.પી. સાહેબના રહેણાંકે પહોચ્યા અને ત્યાંથી તેઓની ઓફીસે ગયેલા હોવાનું જણાવેલ. એ રીતે ફરીયાદીને એલ.સી.બી.ઓફીસમાં બેસાડી રાખેલ હોય અને ભટૃ સાહેબ આવેલ હોય તેવું ફરીયાદમાં જણાવેલ નથી. વધુમાં ફરીયાદીની ફરીયાદ વંચાણે લેતા **''પછી ભટૃ સાહેબ ત્યાં આવેલા અને ચાંઉને ઓર્ડર આપેલો કે આને શોટ આપો''** તેવી હકીકત ફરીયાદમાં જણાવેલ નથી. એ રીતે ફરીયાદીની ફરીયાદ વંચાણે લેતા હાલના આરોપીએ ફરીયાદી કે સાહેદને શોટ આપવા જણાવેલ હોય અને તેઓ હાજર હોય તેવું ફરીયાદમાં જણાવેલ નથી. જયારે ફરીયાદીનો પુરાવો ઘ્યાને લેતા ફરીયાદ હકીકતથી અતિશયુકત હકીકત પુરાવામાં જણાવે છે. વધુમાં ફરીયાદીની ફરીયાદ વંચાણે લેતા ફરીયાદીના દિકરા અને ભાઈને લાવેલા મારા છોકરાને બીજા પોલીસવાળાએ પકડી રાખેલ અને ચાંઉ નામના પોલીસવાળા બીજા માણસોને ઓળખતા નથી તે પોલીસવાળાએ મારા છોકરાને ગૃપ્ત ભાગે ઈલિકટ્રીક શોટ આપેલા હોવાનું જણાય છે. એ રીતે ફરીયાદીની ફરીયાદ કે

જે બનાવ બાદ તુરંત આપેલ છે. જે ધ્યાને લેતા હાલના આરોપીએ ફરીયાદી કે સાહેદોને શોટ આપેલ હોય તેવું ફરીયાદમાં જણાતુ નથી. જયારે ફરીયાદી પોતાના પુરાવામાં ફરીયાદ હકીકતથી વિસંગત હકીકત જણાવે છે.

(૯.૯).. વધુમાં ફરીયાદીની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેતા એ હકીકત કબુલ રાખેલ છે કે, મે કોર્ટમાં ફરીયાદમાં એવું લખાવેલ છે કે, **''પછી મને થોડો સમય બેસાડેલો, પછી મારી પાસે હથિયાર માંગેલા, માંગનાર ચાંઉ તથા બીજા પોલીસવાળા હતા''**. એ રીતે ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતા તેઓએ પોતાની સોગંદપરની ઉલટ તપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવ બન્યો તે વખતે પણ હું ભટ્ટ સાહેબને ઓળખતો હતો. ત્યારે ફરીયાદીએ બનાવ અંગે કોર્ટમાં આપેલ ફરીયાદ વંચાણે લેતા હાલના આરોપીનું કોઈ જગ્યાએ નામ આપેલ નથી. તેમજ બનાવ સમયે હાલના આરોપી હાજર હોય તેવું પણ ફરીયાદ વંચાણે લેતા જણાતુ નથી. વધુમાં એ હકીકત રેકર્ડ પર આવેલ છે કે, મે જજ સાહેબને ફરીયાદ વિગતે જણાવેલ તેમાં ૪-૫ ઠેકાણે શોટ આપેલાની હકીકત જણાવેલી છે. ઈલેકટ્રીક શોક આપ્યાની હકીકત જણાવેલી નથી. જયારે ડોકટર સમક્ષ આપેલ હિસ્ટ્રી ધ્યાને લેતા **''મને ઈલેકટ્રીક શોક આપેલ છે''** તેવું જણાવેલ છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, મારી કોર્ટ રૂબરુની ફરીયાદમાં અને લેખીતમાં આપેલી ફરીયાદમાં ડાયનેમોથી શોટ આપેલો તેવું લખાવ્યુ નથી. વધુમાં એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, મને સાબરમતી જેલમાં લાવવામાં આવ્યા તે પહેલા હું સાબરમતી જેલના દવાખાનામાં દાખલ હતો. તે મને દાખલ કરતા હતા તે મને છાતીમાં દુખતુ હતુ તેથી કરેલા. મને હૃદયની બિમારી ન હોતી. પણ મને છાતીમાં દુખાવો હતો. વધુમાં એ હકીકત રેકર્ડ પર આવેલ છે કે, મને સાબરમતી જેલ માંથી લઈ આવ્યા અને કોર્ટમાં રજુ કર્યા તે અગાઉ મારે ભટ્ટ સાહેબ સાથે કયારેય મુલાકાત થઈ ન હતી. એ રીતે રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા ફરીયાદીને સાબરમતી જેલ માંથી લઈ આવ્યા અને કોર્ટમાં રજુ કર્યા તે અગાઉ હાલના આરોપી

(ભટ્ટ સાહેબ) સાથે કયારેય મુલાકાત થઈ નહી હોવાનું જણાવે છે. જયારે ફરીયાદી પોતાની સરતપાસમાં ડી.એસ.પી. સાહેબની ઓફીસે તેઓને લઈ ગયા ત્યાં એક ચાંઉ સાહેબના એક પોલીસવાળા હતા ત્યાં તેઓને એલ.સી.બી. ઓફીસમાં બેસાડી રાખેલ અને ત્યાં ભટ્ટ સાહેબ આવેલા. અને ભટ્ટ સાહેબે ચાંઉને ઓર્ડર આપ્યો કે આને શોટ આપો તેવું જણાવેલ છે. એ રીતે ફરીયાદીની સરતપાસ અને ઉલટ તપાસ ધ્યાને લેતા એકબીજાથી વિરોધાભાસ હકીકત જણાવે છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, આ ગુનામાં મને ૩ દિવસના રીમાન્ડ આપેલા. મને રીમાન્ડ આપ્યા બાદ આ ગુનાની તપાસ પી.આઈ. પરમાર સાહેબ કરતા હતા. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, મને કોર્ટમાં લાવ્યા તે વખતે મહેતા સાહેબ કોર્ટમાં આવેલા. વધુમાં આ કામે બચાવપક્ષે આંક-૨૫૮ થી ફરીયાદીનો પોરબંદર બી.ડીવીઝન પો.સ્ટે.ગુનાના કામે અટક કરી કોર્ટમાં પ્રોડકશન કરેલ તે અંગેના રીપોર્ટની ખરી નકલ રજુ કરેલ છે. જે ખરી નકલ કોર્ટના રેકર્ડ માંથી મેળવીને રજુ કરેલ હોય ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૭૪ મુજબ જાહેર દસ્તાવેજ કહી શકાય. જે આંક-૨૫૮ વંચાણે લેતા ફરીયાદીને સદર ગુનાના કામે કોર્ટ રૂબરુ રજુ કરતા જે તે સમયના પ્રિસાન્ડીંગ ઓફીસર દવારા પ્રોડકશન રીપોર્ટ લગત કરેલ હુકમ વંચાણે લેતા હાલના ફરીયાદીને અદાલત સમક્ષ રજુ કરતા પોલીસ વિરુઘ્ધ કોઈ ફરીયાદ નથી તેવું જણાવેલ છે. ત્યારબાદ હાલના ફરીયાદીને અદાલત દવારા કસ્ટડીમાં લેવાનો હુકમ કરવામાં આવેલ છે. એ રીતે હાલના ફરીયાદીને સદર ગુનાના કામે અદાલત સમક્ષ રજુ કરતા પોલીસ વિરુઘ્ધ ફરીયાદ નહી હોવાનું જણાવેલ છે. ત્યારબાદ રીમાન્ડ અરજીની સુનાવણી વખતે આરોપી(ફરીયાદી)એ પોલીસ વિરુઘ્ધ ફરીયાદ કરતા તે સંબધે ક્રિમીનલ મેન્યુલ મુજબ કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવેલ છે. જે બાબતેની હકીકત આરોપીએ પોતાના વિશેષ નિવેદનમાં જણાવેલ છે. એ રીતે સદર દસ્તાવેજની હકીકતને ફરીયાદપક્ષે પડકારવામાં આવેલ નથી કે ખંડન કરતી કોઈ હકીકત રેકર્ડ પર લાવેલ નથી.

(૯.૧૦).. તેમજ ફરીયાદપક્ષે સાહેદ ચેતનભાઈ નારણભાઈ પોસ્તરીયાને આંક–૧૧૩ થી તપાસવામાં આવેલ છે. તેઓનો પુરાવો ધ્યાને લેતા ૧૯૯૭ ના વર્ષમાં તેઓ ધો.૧૨ માં અભ્યાસ કરતા હતા. તેઓ તા.૦૪–૦૭–૧૯૯૭ ના રોજ તેઓના ઘરે હતા. રાત્રે ૧૨ થી ર ના સમયગાળા વચ્ચે ૩–૪ પોલીસના માણસો તેઓના ઘરે આવીને કઇ પણ કારણ જણાવ્યા વિના તેઓને તથા તેઓના કાકા ધનજીભાઈને ઉદ્યોગનગર પો.સ્ટે.માં સરકારી જીપ્સીમાં બેસાડી લઈ ગયેલા. ત્યાં આખો દિવસ રાખેલા અને બીજા દિવસે રાત્રે ૧૧ વાગ્યે ત્યાંથી તેઓને ડી.એસ.પી. કચેરીએ લઈ ગયેલા. ત્યાં તેઓએ બાંકડા ઉપર તેઓના હાથને હથકડીથી બાંધી દીધેલા અને તેઓના પગને સુતરની દોરીથી તેઓના પગ બાંધી દીધેલા હતા. ત્યારબાદ તેઓને મોઢામાં, નાકમાં, છાતી ઉતર અને ઈન્દ્રીય ઉપર શોટ આપેલા. ત્યારબાદ તેઓને ડી.એસ.પી. કચેરીમાં ઉપરના માળે લઈ ગયેલા ત્યારે તેઓના હાજર હતા તેની સામે તેઓને આ રીતે બાંધીને આ જ રીતે શરીરના ઉપરોકત ભાગોમાં શોટ આપેલા. ત્યાં ૫–૬ પોલીસવાળા હતા જોયેથી બે ત્રણને ઓળખી શકે તે પોલીસવાળા રાડારાડી કરીને તેઓને કહેતા હતા કે તારા પપ્પાને કહે કે ગુનાઓ કબુલ કરી લે નહીતર તમારા માટે બહુ ખરાબ થશે. શોટ આપવાની ક્રિયા સવારના ૩ વાગ્યા સુધી ચાલુ રહેલી. ડી.એસ.પી. ઓફીસે પોલીસના માણસો સિવાય ડી.એસ.પી. સંજીવ ભટ્ટ હાજર હતા જેમને તેઓ જોયેથી પણ ઓળખે છે. તેઓને શોટ આપવાની કાર્યવાહી ચાલુ હતી તે વખતે ડી.એસ.પી. સાહેબ ત્યાં હાજર હતા. ત્યારબાદ સવારે તેઓને તેમના હેડકવાર્ટર પર લઈ ગયેલા. ત્યાથી બી ડી.વી. પો.સ્ટે. અને ત્યાંથી પછી કલેકટર કચેરીએ લઇ ગયેલા હોવાનું જણાવે છે. એ રીતે સદર સાહેદનો પુરાવો પુરાવો ધ્યાને લેતા બનાવની હકીકતને સમર્થન આપેલ છે. વધુમાં સદર સાહેદનો પુરાવો ધ્યાને લેતા ડી.એસ.પી. ઓફીસ ે પોલીસના માણસો સિવાય ડી.એસ.પી. સંજીવ ભટ્ટ હાજર હતા જેમને તેઓ જોયેથી પણ ઓળખતા હોવાનું જણાવે છે. એ રીતે સદર સાહેદનો પુરાવો ધ્યાને લેતા હાલના આરોપી

બનાવ સમયે હાજર હોવાનું જણાવે છે. જયારે ફરીયાદીનો પુરાવો ઘ્યાને લેતા ઉલટ તપાસમાં એ હકીકત રેકર્ડ પર આવેલ છે કે, મને સાબરમતી જેલ માંથી લઈ આવ્યા અને કોર્ટમાં રજુ કર્યા તે અગાઉ મારે ભટ્ટ સાહેબ સાથે કયારેય મુલાકાત થઈ ન હતી. એ રીતે ફરીયાદી તથા સાહેદનો પુરાવો ઘ્યાને લેતા હાલના આરોપીની હાજરી અંગે એકબીજાથી વિરોધાભાસ હકીકતવાળો જણાય છે. વધુમાં સાહેદનો પુરાવો ઘ્યાને લેતા એ હકીકત કબુલ રાખેલ છે કે, નામદાર કોર્ટની સર્ટીફાઈડ કોપ ફો.પ.અરજી નં.૪૪૯/૯૭ ની જોઈને કહુ છું કે, અમો કસ્ટડીમાં હતા ત્યારે મારા બાપુજી નારણભાઈ ત્યાં હતા એવું લખાવ્યુ નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, ઉપરોકત જુબાનીમાં ફો.પ.અરજીની અંદર મે સંજીવ ભટ્ટ હાજર હતા તેવું લખાવ્યુ નથી. વધુમાં એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, ફો.પ.અરજી નં.૪ ૪૯/૯૭ ના કામે મે જુબાનીમાં એવું લખાવ્યુ નથી કે તયાં ચાર-પાંચ પોલીસવાળા હાજર હતા તેઓને જોયેથી ઓળખુ છું અને તેઓ રાડા રાડી કરીને કહેતા હતો કે તારા પપ્પાને કહે કે ગુન્હાઓ કબુલ કરીલે નહીતર તમારા લોકો માટે બહુ ખરાબ થશે. એ રીતે સદર સાહેદનો પુરાવો ઘ્યાને લેતા સાહેદોને પોલીસ ઘરેથી લઈ ગયા બાદ સાહેદના માતૃશ્રીએ ક્રિ.પ્ર ો.કોડની કલમ-૯૭ અન્વયે અરજી કરતા અરજીના કામે નિવેદન નોધવામાં આવેલ છે. જેમાં હાલના કેસના કામે સરતપાસમાં જણાવેલ હકીકત અરજીના કામે જણાવેલ નહી હોવાનું જણાવે છે. એ રીતે સદર સાહેદનો પુરાવો ઘ્યાને લેતા વિસંગત અને વિરોધાભાસ હકીકત જણાય છે. વધુમાં સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ ઘ્યાને લ ેતો એ હકીકત કબુલ રાખેલ છે કે, હાલના કામે ઈન્કવાયરીના કામે લેવામાં આવેલ નિવેદનમાં મને પુલીસ ડી.એસ.પી. હાજર હોય તેવું લખાવેલ નથી. વધુમાં એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, મને તથા મારા કાકાને કોર્ટ રૂબરુ રજુ કર્યા તે વખતે મે કે મારા કાકાએ કોર્ટ રૂબરુ પોલીસ ત્રાસની કોઈ લેખીત કે મૌખિક ફરીયાદ કરેલ નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, મને આપેલ ત્રાસ અંગે મે કોઈ ડોકટરી સારવાર લીધેલ નથી. એ રીતે સદર સાહેદનો

પુરાવો ધ્યાને લેતા સરતપાસ અને ઉલટ તપાસમાં વિસંગત અને વિરોધાભાસ હકીકત જણાવે છે. એ રીતે સદર સાહેદનો પુરાવો ધ્યાને લેતા બનાવમાં હાલના આરોપીની સંડોવણી શંકા ઉભી કરે છે.

(૯.૧૧).. તેમજ ફરીયાદપક્ષે સાહેદ ધનજીભાઈ જાદવભાઈ પોસ્તરીયાને આંક–૧૨૮ થી તપાસવામાં આવેલ છે. તેઓનો પુરાવો ધ્યાને લેતા બનાવને ઘણા વર્ષ થયા છે. તેઓ અને ચેતન ઘરે હતા ત્યારે પોલીસ ઘરે આવેલી અને પોલીસ રાત્રીના ૧૨, ૧, ૨ વાગ્યાની આસપાસ આવેલી અને પોલીસવાળા રાત્રીના સમય આવીને ઘરેથી ઉદ્યોગનગર પો.સ્ટે. લઈ ગયેલા અને રાત્રીના સમયે ત્યાં રોકી રાખેલા અને બીજા દિવસે રાત્રે એલ.સી.બી. ઓફીસમાં લઈ ગયેલા ત્યારે તેઓના ભાઈ નારણ જાદવ ઓફીસમાં બેઠા હતા. એલ.સી.બી. ઓફીસમાં તેઓના ભાઈ નારણ બેઠા હતા ત્યાં તેઓને તથા ચેતનને લઈ આવ્યા અને ત્યાં શોટ આપેલા ચેતનને છાતીના ભાગે શરીર ઉપર ઈન્દ્રી પર શોટ આપેલા ત્યાંથી તેઓને ઉપર લઈ ગયેલા. એલ.સી.બી. ઓફીસમાં બેઠા હતા ત્યારથી તેઓને ઉપર લઈ ગયા ત્યારે આંખે પટ્ટી બાંધી દીધેલી અને ઉપર ગયા બાદ તેઓની આંખની પટ્ટી ખોલી દીધેલી. ચેતનભાઈને લાકડા ઉપર બાંધી દીધેલા અને શરીરે શોટ આપેલા અને તેઓ તથા તેઓના ભાઈ બંને સામે બેઠેલા અને ત્યાં હતા તેથી સાંભળેલુ કે ચેતનને ધાક ધમકી આપતા કહેતા હતા કે તારા બાપુજીને કહે હથીયાર કાઢી આપે અને પછી ત્યાં બધા પોલીસ ઓફીસેથી ભેગા થઈ ગયેલા વાતાવરણથી તેઓને બીક લાગેલી અને ત્યાર પછી ચેતને કહેતા કે તારા બાપુજીને કહે કે હથીયાર કાઢી દે નહીતર અમે જે કરવુ હશે તે કરશું. એલ.સી.બી. ઓફીસેથી ઉપર લઈ ગયા ત્યારે સાહેબો તથા પોલીસવાળા હાજર હતા. સંજય ભટ્ટ તેઓના ભાઈની પાસે આવીને કહેલુ કે જો તમે હથીયાર નહી આપો તો તમારા છોકરાને હેરાન કરી દઈશુ. અને તે દરમ્યાન શોટ આપવાના ચાલુ જ હતા. તેઓ ગામના કારણે વજુ ચાંઉને ઓળખે અને બીજા સાહેબને જોઈને ઓળખે છે અને આટલા વર્ષે જોયે તો ઓળખવામાં

તકલીફ પડે. ભટ્ટ સાહેબે તેઓ બીજા દિવસે તેઓને હવે કલેકટર કચેરીએ લઈ જાવ તેવુ કહેલુ અને ત્યાંથી કમલાબાગ પોલીસ લઈ ગયેલ અને જેલમાં લઈ ગયેલા હોવાનું જણાવેલ છે. સદર સાહેદનો પુરાવો ધ્યાને લેતા **''આરોપીઓએ સાહેદ ચેતનને કહેતા કે તારા બાપુજીને કહે કે હથીયાર કાઢી દે નહીતર અમે જે કરવુ હશે તે કરશું''** તેવું જણાવે છે. તેમજ સંજય ભટ્ટ તેઓના ભાઈની પાસે આવીને કહેલુ કે જો તમે હથીયાર નહી આપો તો તમારા છોકરાને હેરાન કરી દઈશુ. જયારે સાહેદ ચેતનનો પુરાવો ધ્યાને લેતા ત્યાં ૫-૬ પોલીસવાળા હતા જોયેથી બે ત્રણને ઓળખી શકે તે પોલીસવાળા રાડારાડી કરીને તેઓને કહેતા હતા કે **''તારા પપ્પાને કહે કે ગુનાઓ કબુલ કરી લે નહીતર તમારા માટે બહુ ખરાબ થશે''.** વધુમાં સાહેદ ધનજીભાઈનો પુરાવો ધ્યાને લેતા **''સંજય ભટ્ટ તેઓના ભાઈની પાસે આવીને કહેલુ કે જો તમે હથીયાર નહી આપો તો તમારા છોકરાને હેરાન કરી દઈશુ''** તેવુ જણાવેલ હોવાનું જણાવે છે. જયારે સાહેદ ચેતનનો પુરાવો ધ્યાને લેતા ડી.એસ.પી. ઓફીસે પોલીસના માણસો સિવાય ડી.એસ.પી. સંજીવ ભટ્ટ હાજર હોવાની હકીકત જણાવે છે. જયારે ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતા ઉપર મુજબની હકીકત જણાવે છે. એ રીતે ફરીયાદી તથા સાહેદનો પુરાવો પુરાવો ધ્યાને લેતા વિસંગત અને વિરોધાભાસ હકીકત જણાવે છે. સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેતા મને હેરાન કર્યો નથી.

(૯.૧૨).. તેમજ ફરીયાદપક્ષે સાહેદ નગાભાઈ આલાભાઈને આંક-૧૩૯ થી તપાસવામાં આવેલ છે. તેઓનો પુરાવો ધ્યાને લેતા તેઓ ૧૯૯૭ ના વર્ષમાં પોલીસ હેડ કવાર્ટર કુવારા ડી.એસ.પી. ઓફીસની બાજુમાં હેડ કોન્સ. તરીકે ફરજ બજાવતા હતા. ૧૯૯૮ માં મહીનામાં નિવૃત થયેલ છે. હાલ તેઓ નિવૃત જીવન ગુજારે છે. તા.૦૬-૦૭-૧૯૯૭ ના રોજ તેઓની નોકરી પોલીસ હેડ કવાર્ટરમાં બગીચામાં પાણી પીવડાવવામાં હતી. તા.૦૬-૦૭-૧૯૯૭ ના રોજ આર.એચ.આઈ. પર એવો હુકમ આવેલો કે, દવાખાનામાંથી નારણ જાદવ

પોસ્તરીયાને કોર્ટમાંથી દવાખાનામાં લઈ જવાના હોય જેથી તાત્કાલીક જાપ્તો મોકલી આપવો. ત્યાર પછી તેઓ પોતે જમાદાર તથા તેઓની સાથે બે પોલીસવાળા કોર્ટમાંથી ભાવસિંહજી હોસ્પીટલમાં નારણ જાદવ અને પોસ્તરીયાને લઈને ગયેલા અને ત્યા નારણ જાદવ અને પોસ્તરીયાને દાખલ કરેલ. તેઓની ડયુટી પુરી થતા હેડ કવાર્ટરમાંથી ગાર્ડ આવીને તેઓએ સંભાળી લીધા કોર્ટમાંથી તેઓને કાઈ આપેલ નહી હોવાનું જણાવેલ છે. સદર સાહેદનો પુરાવો ધ્યાને લેતા સરતપાસમાં બનાવ સમયની હકીકત જણાવેલ છે. જયારે સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેતા જાપ્તાના દિવસે મારી સાથે બે કોન્સ હતા તેઓના નામ મને લાંબો સમય થઈ ગયેલ હોવાથી તેઓના નામ યાદ નથી. અમારી સાથે પોસ્તરીયા હતા તે ૧૯૯૭ સાલમાં તે કેટલી ઉંમરના હતા તે મને ખ્યાલ નથી. વધુમાં જણાવે છે કે, હોસ્પિટલમાં અમે અડધો કલાક રોકાયેલા બીજી ગાર્ડ અમારી ડયુટી પરી થતા આવી તેમાં હેડ કોન્સ. કોણ હતા તે યાદ નથી. તેની સાથે બીજા બે કોન્સ. કોણ હતા તે પણ મને યાદ નથી. હેડ કોન્સની સાથે બીજા કોન્સ. આવેલા કે કેમ તે મને યાદ નથી. હોસ્પિટલમાં બીજી ગાર્ડ આવી તેના અમે સોંપણી કરી તેના હેડ કોન્સ.નું નામ મને યાદ નથી. એ રીતે સદર સાહેદનો પુરાવો ધ્યાને લેતા ઉલટ તપાસમાં પુછવામાં આવેલ સવાલનો જવાબ મને યાદ નથી તેવું જણાવે છે. એ રીતે સદર સાહેદનો પુરાવો ધ્યાને લેતા તેઓએ ફરીયાદીને જાપ્તા સાથે હોસ્પિટલ લઈ ગયેલા હોવાનું જણાય છે. આ સિવાય અન્ય કોઈ હકીકત તેઓના પુરાવા પરથી જણાય આવતી નથી.

(૧૦).. વધુમાં બચાવપક્ષે વિ.વકીલશ્રી દવારા દલીલના સમર્થનમાં નીચે મુજબના નામદાર વડી અદાલતના ચુકાદાઓ રજુ કરેલ છે.

બચાવપક્ષે વિ.વકીલશ્રીની દલીલ એવી છે કે, ફરીયાદપક્ષના કેસ મુજબ હાલના આરોપીના કહેવાથી આરોપી નં.ર નાએ ફરીયાદી પાસે હથિયાર ન હોવાના

કારણે ફરીયાદીનું પેન્ટ ઉતારી તેને દોઢ કલાક સુધી જીભ, છાતી, મોઢામાં તથા ગુપ્ત ભાગની ઈન્દ્રીય ઉપર ઈલેકટ્રીક શોક આપેલ. જે હકીકત ફરીયાદીનો પુરાવો ઘ્યાને લેતા એ હકીકત કબુલ રાખેલ છે કે, ડોકટર સમક્ષ આપેલ હિસ્ટ્રી ઘ્યાને લેતા ''**મને ઈલેકટ્રીક શોક આપેલ છે**'' તેવું જણાવેલ છે. જયારે ડોકટર સાહેદનો પુરાવો ઘ્યાને લેતા ઉલટ તપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, આંક–૦૫ થી રજુ ઈન્જરી સર્ટીમાં એવી નોઘ છે કે, (નાઈધર બર્ન્સ સ્કાર નોર એકસ્ટ ઈન્જરી સીન ઓન જનાઈટર, ઓન ચેસ્ટ, ઓન પામ) તેવું લખેલ છે. વધુમાં એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, સામાન્ય રીતે જે ભાગ ઉપર ઈલેકટ્રીક શોક લગાવવામાં આવેથી શરીરનો તે ભાગ કાળો પડી જાય. એ રીતે ડોકટર સાહેદનો પુરાવો ઘ્યાને લેતા ફરીયાદપક્ષના કેસને ઈજા અંગે સમર્થન મળતુ નથી. જે બાબતે બચાવપક્ષે નામદાર સુપ્રિમ કોર્ટનો **Prabir Mondal Versus State Of West Bengal 2009 (0) AIJEL-SC 47673** નો ચુકાદો રજુ કરેલ છે. સદર ચુકાદો વંચાણે લેતા નામદાર સુપ્રિમ કોર્ટ દવારા આપવામાં આવેલ માર્ગદર્શીકા ઘ્યાને લેતા

**17.** Having considered the submissions made on behalf of the respective parties and after going through the materials on record, we are inclined to accept Mr. Ghosh's submissions that the case made out by the prosecution appears to be improbable and the conviction of the appellants was not in conformity with the evidence adduced on behalf of the prosecution.

**19.** As pointed out by Mr. Ghosh, the manner in which the alleged incident is supposed to have taken place does not fit in with the injuries received by the complainant. The most glaring inconsistency is the story of the complainant's having held the blade of the knife, alleged to have been used in the commission of the offence, with both hands and thereby suffering incised injuries on his left palm. **The injury report shows that the complainant did not have any incised injury or any other injury on his left palm and the injury to his right palm was not of an incised nature**, but a bruise which could have been caused by a blunt instrument.

Moreover, the knife, which was seized and was alleged to have been used for the commission of the offence, was never sent for forensic examination so as to connect it with the offence. Furthermore, the other sharp-cutting implements, which were also seized, were also not sent for such examination. Even the mat which had blood stains on it was not sent for such examination and it could, therefore, not be proved as to whether the blood stains thereon were of human or animal origin. Coupled with the above is the fact that on going to the hospital in the night for medical treatment, the complainant did not even disclose to the doctor as to how he had sustained the injuries. The doctor was, therefore, not at all aware of any such incident, as presented by the prosecution, having been committed. Coupled with the above is the fact of the delay in lodging the FIR after consultation with the local villagers. Therefore, chances of fabrication in the FIR cannot be ruled out.

**20.** Neither the Trial Court, nor the High Court, appears to have looked into these details properly. We, therefore, have no hesitation in setting aside the judgment of conviction and sentence imposed by the Trial Court and upheld by the High Court.

તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનો **STATE OF GUJARAT V/S PARMAR HARESHBHAI PARMABHAI CRI. MIS. APPLICATION NO.4740 OF 2010** નો ચુકાદો રજુ કરેલ છે. જે વંચાણે લેતા નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા આપવામાં આવેલ માર્ગદર્શીકા ધ્યાને લેતા

**3.** It transpires form the judgment and not controverted by the learned APP that the evidence of the victim is inconsistent and contradictory as far as it relates to the actual occurrence. The evidence of the victim is inconsistent about the way in which the injury was alleged to have been caused. The trial Court was, therefore, justified in recording acquittal.

**4.** So far as acquittal of accused No. Babubhai Keshavlal Raval is concerned, the only allegtion is that he had a Dharia with him and the medical evidence does not

speak of any injury caused with the help of the Dharia. The acquittal is, therefore, justified.

તેમજ ફરીયાદપક્ષના કેસ મુજબ ફરીયાદી તથા સાહેદને શોટ આપેલ હોવાનું જણાવે છે. જયારે સાહેદે કોઈ સારવાર લીધેલ હોય તેવું રેકર્ડ પરના પુરાવા પરથી જણાતુ નથી. એ રીતે સદર ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા ઉપરોકત ચુકાદામાં આપવામાં આવેલ માર્ગદર્શીકા ધ્યાને લેતા હાલના કેસની હકીકતને સમર્થન કરતો હોવાનું આ અદાલત માને છે.

